સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

ઐક્યની પડી નથી, ભાંગે ભાઈચારો, જાત-માટે,
પ્રજાની પડી નથી, સાચવે 'સમાજો' મત માટે,
મત માટે વટાવે 'વિકાસ' 'મત-વિસ્તાર'માં જ
દેશ માટે દોડે ન કોઈ, મરે બધા મત-માટે...

હાઈકુ

જગત-તાત
કૌભાંડના વ્યસને -
ટકે ટેકાથી...

સિંહની જેમ
બની ગયા બકરી
ટેકા મારણે...

ચિંતન

દેહાત્મધીરેવ નૃણામસદ્ધિયાં જન્માદિદુઃખપૃભવસ્ય બીજમ્ ।
યતસ્તતસ્ત્વં જહિ તાં પ્રયત્નાત્ ત્યકતે તુ ચિત્તે ન પુનર્ભવાશા ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

કારણ કે 'દેહ જ આત્મા છે' એવી જુઠ્ઠી ધારણા જ મનુષ્યોને જન્મ વગેરે દુઃખોની ઉત્પત્તિનું બીજ છે. માટે જ તું તે પ્રયત્નપૂર્વક છોડ, એ ચિત્તમાંથી છૂટી જતાં ફરીથી જન્મવાની આશંકા નથી રહેતી.

આપણે શરીર (દેહ) અને આત્માને અલગ રીતે જોઈ નથી શકતા એટલે મોહ, માયા, વાસનાઓની વિમુક્ત નથી શકતા દેહ જે ભોગવે છે તે શરીર માટેના ભૌતિક સુખ આનંદ છે. અધ્યાત્મિક સાત્ત્વિક આનંદ માત્ર આત્મચિંતન જ આપી શકે.

સુવિચાર

- કૌન હૈ ઈસ જહાં મેં જીસે ધોખા નહીં મિલા, શાયર વહી હૈ ઈમાનદાર,
  જીસે મૌકા નહીં મિલા - **ફઈઝલ પાટીલ**
- હથોડો કયારેક કયારેક નિશાન છૂકી જાય છે,
  પણ ફૂલોનો ગુલદસ્તો કયારેક નહીં - **સંત ઓગસ્ટીન**
- મારી જીવનયાત્રામાં અનેક ચડતી અને પડતી આળી,
  પણ તેં છતાં મેં જિંદગી પ્રત્યે હંમેશા રાખ્યો છે - **લતા મંગેશકર**
- ઘી વફાદારીનું નાખજો, મીઠી રાખજો જુબાન,
  બહુ સ્વાદીષ્ટ બની જશે સંબંધોના પકવાન - **સાંઈરામ દવે**
- ચાર વેદને ન સમજો તો કંઈ વાંધો નહીં, પણ સમજદારી, જવાબદારી, વફાદારી અને ઈમાનદારી... આ ચાર શબ્દોનો અર્થ સમજશો તો જીવન સાર્થક બની જશે - **અખંડ આનંદ**
- વિચારનો ચિરાગ બુઝાઈ જાય તો આચરણ આંધળું થઈ જાય છે - **વિનોબા ભાવે**
- આજનું ઔષધ : કલોંજી પીસી તેમાં મધ ઉમેરી ખાવાથી મેલેરિયાનો તાવ ઉતરી જાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક શેઠને ત્યાં એક માણસ નોકરી કરતો હતો. નોકર ખૂબ મહેનતું અને ઈમાનદાર હતો. શેઠ પણ ખુશ હતા અને નોકર પણ ખુશ હતો. એક દિવસ અચાનક નોકરે શેઠને કંઈ પણ જાણ કર્યા વગર રજા પાડી. શેઠને થયું આવું કેમ કર્યું હશે ? કદાચ એને પગાર ઓછો પડતો હશે ? શેઠે મનમાં નક્કી કર્યું કે એને પગાર વધારી આપીશ. બીજે દિવસે નોકર આવ્યો ત્યારે શેઠે કહ્યું, 'ભાઈ તારો પગાર પાંચસો રૂપિય વધારી દઉં છું.' આગળના મહિને પગારમાં વધારો થયો પણ શેઠે જોયું કે નોકરે પગાર વધારવાની કોઈ ખુશી વ્યક્ત નથી કરી. શેઠને આભાર પણ વ્યક્ત ન કર્યો. બે ત્રણ મહિના બાદ ફરી એક વાર નોકર કોઈ જાતની જાણ કર્યા વગર રજા પર ગયો. શેઠને ઘણો ગુસ્સો આવ્યો. કે ગજબ નોકર છે, મેં તેનો પગાર વધારો તોયે એને કોઈ ખુશી નથી. કોઈ આભારની લાગણી પણ નથી. આગલા દિવસે નોકર કામ પર આવ્યો ત્યારે શેઠે ગુસ્સામાં કહ્યું, 'કહ્યા વગર તમે રજા પાડી તો હવે તમારા પગારમાંથી પાંચસો રૂપિયાનો ઘટાડો કરવાનું મેં નક્કી કર્યું છે.' આગળના મહિને ઘટેલો પગાર નોકરને મળ્યો તેમ છતાં નોકરે કોઈ રિએકશન ન આપ્યું કે ન દુઃખી થયો. શેઠથી રહેવાયું નહીં એટલે એણે નોકરને પૂછ્યું, 'જયારે તારો પગાર વધાર્યો ત્યારે પણ તેં કોઈ ખુશી ન દેખાડી. હવે તારો પગાર ઘટાડ્યો છે તેમ છતાં તું દુઃખી નથી, કારણ શું છે ?' નોકરે કહ્યું, 'શેઠ હું, પહેલીવાર ન આવ્યો તે દિવસે મારે ઘરે મારા બાળકનો જન્મ થયો હતો, અને મને એવું લાગ્યું કે ઘરમાં સભ્ય વધવાથી ભગવાનો મારો પગાર વધારી આપ્યો હશે. અને બીજી વાર તમે પગાર ઘટાડ્યો ત્યારે મારી માતા ભગવાનના ધામમાં ગયા તો મને લાગ્યું કે મારી મા આ પગાર વધારો પોતાની સાથે લઈ ગઈ. શેઠે નોકરની વાતને જીવનમાં ઉપદેશ માની એને ગળે લગાવી દીધો.

આશાના સૂરજનું એક નવું કિરણ

તંત્રીસ્થાનેથી...

રાજ્યમાં છેલ્લા ત્રણ દિવસથી ન થવાનું થઈ રહ્યું છે એ સમાચારો વચ્ચે બુધવારે 'ન થયેલું થયું' એવા સમાચાર આવ્યા ત્યારે આનંદ થયો. અગાઉ ક્યારેય ન થઈ હોય એવી આશ્ચર્યજનક અને સુખદ સર્જરી ખ્યાતનામ તબીબ ડૉ. તેજસ પટેલે ગુજરાતમાં પાર પાડી અને રાજ્યનું પાટનગર ગાંધીનગર તેનું સાક્ષી બન્યું એ વિશેષ આનંદની વાત.

ગાંધીનગર અક્ષરધામ મંદિર સંકુલમાં સંતો-મહંતોના આશીર્વાદ મેળવી ડૉ. તેજસ પટેલે અક્ષરધામ મંદિરમાં બેઠા-બેઠા ઈન્ટરનેટના માધ્યમથી ૩૨ કિમી દૂર ઍસજી હાઈવે સ્થિત એપેક્સ હૉસ્પિટલમાં દર્દી પર ટેલિરોબોટીક કોરોનરી ઈન્વેન્શનની પ્રોસીજર સફળતાપૂર્વક પાર પાડીને ઈતિહાસ સર્જી દીધો છે. આ વિરલ ઘટનાથી ન માત્ર અપાર ખુશી પરંતુ, એક નવી જ આશાનો જન્મ થયો છે. આ ટૅકનોલૉજીની સહાયથી દૂરના અંતર સુધી હવે આવી સર્જરી શક્ય બનશે અને નિષ્ણાત તબીબની સેવા પણ દૂરના અંતરથી લઈ શકાશે એવી આશા હવે સાકાર બની ગઈ છે.

અલબત્ત, સર્જરી માટે અત્યાધુનિક કૅથલૅબ અને રોબોટની સહાયથી ડૉ. પટેલે આ સર્જરી સંપન્ન કરી હતી, પરંતુ દૂર અંતરે બેસીને તેઓ આ કાર્ય સફળતાપૂર્વક કરી શક્યા એ બહુ મોટી સિદ્ધિ છે અને ભવિષ્ય માટે બહુ મોટી આશાનો સંચાર છે.

રાજ્યના મુખ્યમંત્રીએ પણ આ ઘટનાને વધાવતાં જણાવ્યું છે કે 'આ ઐતિહાસિક ઘટનાથી આજનો દિવસ માનવજાત માટે અગત્યનો બન્યો છે. ડૉ. તેજસભાઈ પટેલે વિશ્વની આ પ્રથમ પ્રોસિજર થકી ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. દર્દી દૂર હોય તોય ડૉક્ટર એક જગ્યાએ બેઠાબેઠા સર્જરી કરી શકે તે ટેકનોલોજી વિકસી છે તેનો લાભ ગુજરાતના છેવાડાના માનવીને પણ મળે તે દિશામાં સરકાર ચોક્કસથી વિચારશે.'

નિશ્ચિતપણે સરકાર આ દિશામાં વિચારે તો પણ આરોગ્ય ક્ષેત્રમાં ખરેખર રાજ્યમાં ક્રાંતિ આવી શકે તેમ છે. ઉલ્લેખનીય છે કે ડૉ. તેજસ પટેલે જણાવ્યું છે કે 'આ રોબોટિક પરક્યુટેશન કોરોનરી ઈન્ટરવેશન' હાર્ટમાં સ્ટેન્ટિંગ કરવાના ઉપયોગમાં તો આવશે જ. પરંતુ સાથોસાથ સ્ટ્રોકના દર્દીઓ માટે પણ આ ટૅકનોલૉજી ખૂબ ઉપયોગી સાબિત થશે.' તેમણે આ ટૅકનોલૉજી મારફથે હૃદયની સારવાર પદ્ધતિમાં લાખો લોકો માટે પરિવર્તન લાવવાની અપેક્ષા પણ વ્યક્ત કરી હતી, જે ખરેખર ગુજરાતના સ્વાસ્થ્ય જગત માટે અને ગુજરાતીઓ માટે પણ ગૌરવ અને આનંદની વાત છે.

આજે રાજ્યને અને દેશને પણ આવા સુખદ સમાચારોની, સુખદ ઘટનાઓની જરૂર છે. હા, સમસ્યાઓ છે, પ્રશ્નો છે પરંતુ આશાવાદ પણ છે. નિરાશનાં હલેસાં પકડીને નાવ હંકારવાને બદલે નાગરિકો અને ખાસ કરીને નવી પેઢી જો અભ્યાસ અને પ્રયાસોના પૅડલ મારી જાણે તો ન માત્ર કારકિર્દીની, પરંતુ સમાજ અને લોકકલ્યાણની નાવને પણ કિનારે પહોંચાડી શકાય તેમ છે.

નિરાશાનો વાયરો છોડી હવે નવી પેઢીએ અને આશાવાદીઓએ ડૉ. પટેલની જેમ સક્રિય થવાની જરૂર છે, તો સુખની દિલ્હી દૂર નથી.

સ્તોત્ર સાથે સંકળાવવાની કળા ધ્યાન છે

રંગ-ઉમંગ
કાનન ઓઝા

સ્તોત્ર તે પૃષ્ઠભૂમિ છે, જયાંથી વિચાર ભાવ અને ક્રિયા ઉત્પન્ન થાય છે. સ્તોત્ર ચેતનાથી ચોથી - તુરીય અવસ્થા છે. ચેતનાનો અનુભવ થતાં ચેતનાના બધા ગુણો સત્,ચિત, આનંદ, શાંતિ, પ્રેમ, પવિત્રતા, કરુણા, સદ્‌ભાવના ને રચનાત્મકતા આપણા અંદર ઉતરવા માંડે છે. દરેક વ્યક્તિ સુખ ને શાંતિની શોધમાં છે. માનવી પાસે આજે પણ, પૈસો અને પ્રતિષ્ઠા હોવા છતાં તે દુઃખી, અશાંત અને તનાવગ્રસ્ત જણાય છે. આપણાં દુઃખોનું મૂળ કારણ વિચાર, લાગણીઓ, ઈચ્છાઓ, અપેક્ષાઓ, ગમા-અણગમા, આસક્તિ, અહંકાર અને આપણી એટીટયુટ છે. મનમાંથી પસાર થતો વિચાર થતો વિચાર જ માનવીને સુખ કે દુઃખની અનુભૂતિ કરાવે છે પરીક્ષામાં અપેક્ષા કરતા વધુ માર્કસ મેળવનાર વિદ્યાર્થી પણ અહ્ સહઅધ્યાયીને પોતાના કરતાં વધારે માર્કસ આપવાના વિચારથી દુઃખી છે. સિઝન નબળી હોવાના કારણે અપેક્ષિત દસ લાખના નફાના બદલે આ વખતે પાંચ લાખનો જ નફો થવાથી, પાંચ લાખની આ વર્ષે ખોટ ગઈ. આ વિચાર વેપારીને વિષાદમય બનાવે છે વધુ માર્કસ મેળવવા બદલ વિદ્યાર્થીને કે પાંચ લાખનો નફો મેળવવા બદલે વેપારીને 'મેળવવાના' સુખનો અનુભવ થતો નથી. પરંતુ નકારાત્મક ને નિરાશાવાદી વિચારોને અનાયાસે આમંત્રણ આપી જાતે જ દુઃખને નોતરે છે દુઃખી થાય છે.

દુઃખમાંથી મુક્ત બનવા અને સુખનો અનુભવ કરવાનો રાજમાર્ગ છે ધ્યાન. ત્રણ બાબતો, જે ધ્યાનમાં ઘટે છે, તે મનુષ્યને સુખ, શાંતિ અને આનંદનો અનુભવ કરાવે છે. હોશમાં રહો, સ્તોત્ર સાથે સદા સંકળાયેલા રહો અને હંમેશા ખુશ રહો - ધ્યાન એટલે જ હોશમાં રહેવું, કૃષ્ણમૂર્તિએ કહ્યું છે કે, Meditation is Effectless, choiceless, Constant, neatral, awerness.

ધ્યાન આપણને સ્તોત્ર ઉપર પહોંચવાનો સરળ અને અસરકારક માર્ગ છે. એકાગ્ર બનો, હોશપૂર્વક વિચાર પ્રત્યે જાગૃત બનો, વિચાર ને જાણો. વિચારોને જાણ્યા પછી વિચારોની પરે જઈ શકાય છે. વિચારોનાં મૂળને પકડો, મહાસાગરમાં ઊઠતા મોજાંઓની માફક ચૈતન્યમાં જ વિચારોનાં તરંગો ઉદ્‌ભવે છે. અને વિલીન થાય છે. આપણે વિચારો પ્રત્યે બે ધ્યાન ને અજાણ હોઈ, વિચારો આપણને ભૂત-ભવિષ્યમાં બેફામ રઝળાવી આપણને દુઃખી, તાણગ્રસ્ત અને અશાંત કરે છે. વિચારો પ્રત્યે જાગ્રત બન્યા પછી શબ્દોનો અર્થ બદલાઈ જાય છે. અંતરની અવસ્થામાં રૂપાંતર થાય છે.

Meditation is an Operation of Mind by the Minf. The tools of Mind are calm and quiet mind, awake and attantive mind, an equanimous mind.

આવું શાંત, એકાગ્ર, સજગ અને સમતામય અને મેળવવાનો એક માત્ર માર્ગ છે. ધ્યાન, ધ્યાન દરમિયાન સિરિટોતિન હોર્મોન વધે છે, મેલોટોનિન વધુ સક્રિય બને છે, શરીરના મહત્ત્વના અંગોની ઓક્સિજનની જરૂરિયાત અને વપરાશ ઘટે છે. પરિણામે શાંતિ, પ્રસન્નતા, સ્વસ્થતા અને સંવાદિતાનો અનુભવ થાય છે. મનોશારીરિક રોગો અને જીવનશૈલીમાં સુધારો જોવા મળેલ છે.

બાહારની દુનિયામાં સુખ-દુઃખ નથી. સુખ - દુઃખ મનુષ્યના વિચારોમાં છે. વિચારો દ્વારા, વિચાર પર વિચાર કરીને વિચારોની પરે જવાની કળા એટલે ધ્યાન, અનુભવ દ્વારા અનુભવ પર જઈને આનંદમાં સ્થિર થવાની કળા એટલે ધ્યાનમાં સ્થિરતા એ જ છે. સાક્ષી - દ્રષ્ટાની દશા. એ જ આપણો સ્તોત્ર, શુદ્ધ ચૈતન્ય. પોતાના સ્તોત્ર સાથે સંકળાયેલ મનુષ્યનું જીવન જ યથાર્થ જીવન માર્ગ છે ધ્યાન. ધ્યાન જીવન જીવવાની સર્વોત્તમ કળા છે.

સરદાર વલ્લભભાઈ પટેલ એવોર્ડ કયા ક્ષેત્ર માટે અપાય છે?

એવોર્ડઝ

૧ રણજીતરામ સુવર્ણચંદ્રક કયા ક્ષેત્રમાં અપાય છે ?
(અ) રમતજગત (બ) સાહિત્ય
(ક) કલા (ડ) સમાજસેવા

૨ ગુજરાત સરકાર દ્વારા રમત-ગમત ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સિદ્ધિ મેળવનાર ને કયો એવોર્ડ અપાય છે ?
(અ) એકલવ્ય એવોર્ડ (બ) સરદાર પટેલ એવોર્ડ
(ક) નરસિંહ મહેતા એવોર્ડ (ડ) વિવેકાનંદ એવોર્ડ

૩ ધનજી-કાનજી સુવર્ણચંદ્રક વિજેતા પ્રથમ ગુજરાતી સાહિત્યકાર કોણ છે ?
(અ) જયોતીન્દ્ર દવે (બ) ધ્વનિલ પારેખ
(ક) રાજેન્દ્ર શાહ (ડ) રમેશ પારેખ

૪ ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા અપાયો ગૌરવ પુરસ્કાર વિજેતા પ્રથમ સાહિત્યકાર કોણ છે ?
(અ) વિષ્ણુપ્રસાદ ત્રિવેદી (બ) ઝવેરચંદ મેઘાણી
(ક) જયોતીન્દ્ર દવે (ડ) હરિશ મિનાશ્રુ

૫ સરદાર વલ્લભભાઈ પટેલ એવોર્ડ કયા ક્ષેત્ર માટે અપાય છે ?
(અ) રાજનીતિ (બ) શિક્ષણ
(ક) રમત-ગમત (ડ) સમાજસેવા

૬ રણજિતરામ સુવર્ણ ચંદ્રક કઈ સંસ્થા દ્વારા અપાય છે ?
(અ) ગુજરાત સાહિત્ય અકાદમી (બ) ગુજરાત સાહિત્ય સભા
(ક) લલીત - અકાદમી (ડ) ગુજરાત યુનિવર્સટી

૭ કયા સાહિત્યકારને પ્રથમ રણજીતરામ સુવર્ણચંદ્રક મળ્યો હતો ?
(અ) ઝવેરચંદ મેઘાણી (બ) રમેશ પારેખ
(ક) પન્નાલાલ પટેલ (ડ) મનુભાઈ પંચોલી (દર્શક)

૮ સાહિત્ય માટેનો નોબલ પુરસ્કાર કોના દ્વારા અપાય છે ?
(અ) યુ.એન (બ) યુનેસ્કો
(ક) યુનિસેફ (ડ) સ્વીડીશ એકેડમી

૯ કબીર પુરસ્કાર કયા ક્ષેત્ર માટે અપાય છે ?
(અ) ધાર્મિક પ્રવૃત્તિ (બ) સામાજિક સદ્‌ભાવના
(ક) દલિત સેના (ડ) શૈક્ષણિક પ્રવૃત્તિ

૧૦ અર્જુન અને ખેલરત્ન બંને એવોર્ડ મેળવનાર પ્રથમ મહિલા ખેલાડીનું નામ શું છે?
(અ) પી.ટી. ઉષા (બ) સાનિયા મિરઝા
(ક) કુંજરાણી (ડ) બચેન્દ્રી પાલ

૧૧ નોબેલ પ્રાઈઝ આપવાની શરુઆત કયારે થઈ હતી ?
(અ) ઈ.સ. ૧૯૦૦ (બ) ઈ.સ. ૧૯૦૧
(ક) ઈ.સ. ૧૯૦૩ (ડ) ઈ.સ. ૧૯૦૫

૧૨ રેમન મેગ્સેસ ફાઉન્ડેશન દ્વારા જે મેગ્સેસ એવોર્ડ આપતી સંસ્થા કયા દેશમાં આવેલી છે ?
(અ) ફિલીપાઈન્સ (બ) બ્રહ્મદેશ
(ક) શ્રીલંકા (ડ) મ્યાનમાર

૧૩ સિમન બોલીવર આંતરરાષ્ટ્રીય પુરસ્કાર કોના દ્વારા એનાયત થાય છે ?
(અ) યુનીસેફ (બ) યુનેસ્કો
(ક) યુરોપીય સંસદ (ડ) રાઈટ લિવલીહુડ સોસાયટી, લંડન

૧૪ ગોલ્ડન ગ્લોબ પુરસ્કાર કયા ક્ષેત્ર માટે અપાય છે?
(અ) સંગીન (બ) ફિલ્મ
(ક) પત્રકારત્વ (ડ) ટીવી ક્ષેત્ર

૧૫ જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સાહિત્યકાર વિષ્ણુસખા ખાંડેકરને કઈ ભાષા માટે એવોર્ડ મળ્યો હતો ?
(અ) ઉડીયા (બ) મરાઠી
(ક) કન્નડ (ડ) બંગાળી

ખજાનો
અનિલ પટેલ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ

- **૭ નવેમ્બર : સશસ્ત્ર સેના ઝંડા દિવસ**
- મૈસુરના શાસક હૈદર અલીનું નિધન (૧૭૮૨)
- ભારતે સંદેશાવ્યવહાર ઉપગ્રહ ઈન્સેટ-૨ સીનું પ્રક્ષેપણ થયું (૧૯૯૫)
- અમેરિકાએ ચંદ્ર ઉપર જવા માટે એપોલો-૧૭ અંતરીક્ષયાન મોકલ્યું (૧૯૭૨)
- **૮ ડિસેમ્બર**
- સ્વાતંત્ર્ય સેનાની નાના સાહેબ પેશ્વાનો જન્મ દિવસ (૧૮૨૪)
- અમેરિકા અને બ્રિટને જાપાન સાથે યુદ્ધની જાહેરા કરી. (૧૯૪૧)
- દેશભક્ત અને ચક્રવર્તી રાજગોપાલાચારીની જન્મજયંતિ (૧૮૭૮)
- બોલીવુડના હિ-મેન ધર્મેન્દ્ર દેઓનો જન્મ દિવસ (૧૯૩૫)
- **૯ ડિસેમ્બર**
- સ્પેન સ્વતંત્ર રાષ્ટ્ર બન્યું (૧૯૩૧)
- ચીને જાપાન, જર્મની અને ઈટાલી સાથે યુદ્ધની જાહેરાત કરી. (૧૯૪૧)
- ભારતીય બંધારણ સભાની પહેલી બેઠક યોજાઈ (૧૯૪૬)
- કોંગ્રેસના અધ્યક્ષ સોનિયા ગાંધીનો જન્મદિવસ (૧૯૪૬)
- **૧૦ ડિસેમ્બર**
- 'નોબેલ પ્રાઈઝ'ના સ્થાપક અને 'ડાયનેમાઈટ'ના શોધક ડૉ. આલ્ફ્રેડ નોબેલનું નિધન થયું. (૧૮૯૬)
- સંયુક્ત રાષ્ટ્રસભાએ માનવ અધિકારની જાહેરાતને મંજૂરી આપી. (૧૯૪૮)
- રાલ્ફ જે. બુરો શાંતિનો નોબેલ પ્રાઈઝ મેળવનારા પ્રથમ અશ્વેત અમેરિકન બન્યા. (૧૯૫૦)
- પૂર્વ શિક્ષણમંત્રી અને ગાંધીવાદી નેતા નવલભાઈ જે. શાહનો જન્મદિવસ (૧૯૨૦)
- **૧૧ ડિસેમ્બર : યુનીસેફ દિવસ**
- તમિલ મેધાવી ક્રાંતિવીર કવિ સુબ્રહ્મણ્યમ ભારતીનો જન્મ દિવસ (૧૮૮૨)
- હિન્દી સાહિત્યના રાષ્ટ્રકવિ મૈથીલીશરણ ગુપ્તજીની પુણ્યતિથિ (૧૯૬૪)
- માર્કોનીએ પહેલો રેડીયો સંકેત મોકલવામાં સફળતા મેળવી (૧૯૦૧)
- ડૉ. રાજેન્દ્ર પ્રસાદ બંધારણ સભાના અધ્યક્ષ બન્યા. (૧૯૪૬)
- જનરલ ગોંન્ડારે એ મુંબઈ બેઝીન કિલ્લા પર કબજો કર્યો (૧૭૮૦)
- **૧૨ ડિસેમ્બર :**
- ગૌરીશંકર જોષી 'ધુમકેતુ'નો જન્મ દિવસ (૧૮૯૨)
- બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની નવલકથા 'આનંદમઠ'નું પ્રકાશન થયું (૧૮૮૨)
- દિલ્હીને ભારતની રાજધાની બનાવવામાં આવી. (૧૯૬૩)
- કેન્યા સ્વતંત્ર દેશ બન્યો. (૧૯૬૩)
- ફિલ્મો અને રામાયણના સર્જક રામાનંદ સાગરનું નિધન (૨૦૦૫)
- **૧૩ ડિસેમ્બર :**
- ગુજરાતી ભાષામાં સૌ પ્રથમ સચિત્ર ગુજરાતી સામયિક શરૂ કરનાર હાજી મહંમદનો જન્મદિવસ (૧૮૭૮)
- માનવીય રૂધિરાભિષરણતંત્રની શોધ કરી માનવજાતને ભેટ આપી એવા વૈજ્ઞાનિક ડૉ. વિલીયમ હાર્વેનું નિધન (૧૬૫૧)
- લશ્કરે તોયબાએ ભારતની સંસદ પર હુમલો કર્યો. (૨૦૦૨)

ગત સપ્તાહના સવાલનો જવાબ

બ્રિટનમાં હાલમાં કયા મહિલા વડાપ્રધાન છે ? જવાબ : થેરેસા મે

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭બી
(૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૫) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ(૬) મહેશ જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ
(૭) રૂચિત એમ. પટેલ : ધોળેશ્વર પાસે (૮) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો.જુ.સા. કૉલેજ

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

કયા ફિલ્મ સ્ટારનું મૂળ નામ શિવાજી રાઓ ગાયકવાડ છે ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

ત્રણ પ્રશ્નો અને તેનું સમાધાન

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

ઉમદા પ્રકૃતિનો એક વિચારશીલ રાજા હતો. બધું બહુ વિચારે. એને ત્રણ પ્રશ્નો ઊભા થયા.

(૧) કોઈ પણ કાર્ય કરવું હોય, તો એના માટે ઉત્તમ સમય કયો કહેવાય ?

(૨) કોઈ પણ કાર્યમાં સલાહ લેવી હોય, તો એ માટે ઉત્તમ પુરુષ કોણ કહેવાય ?

(૩) ઘણા બધા હોય, એમાંથી ઉત્તમ કાર્ય કયું ગણાય ?

રાજાને આ સમસ્યાનું કોઈ સમાધાન ન હતું. આખરે એણે નગરમાં ઢંઢેરો પીટાવ્યો, 'જે કોઈ આનો જવાબ આપશે, તેને યોગ્ય પુરસ્કાર મળશે.' અનેક વિદ્વાનોએ પોતાની રીતે જવાબ આપ્યા, પણ રાજાને સંતોષ ન હતો.

કોઈકે એને કહ્યું, 'નગરની બહાર એક સિદ્ધ તાપસ્વીનો આશ્રમ છે. એને મળો. પરંતુ એ તદ્દન સામાન્ય માણસ હોય, એને જ મળે છે.'

રાજા એને મળવા ગયો. રાજસી પોષાક છોડીને સામાન્ય વેશમાં આવી ગયો. પોતાના લશ્કરને આશ્રમ બહાર રાખ્યું અને પગપાળા સિદ્ધ પુરુષ પાસે આવ્યો રાજાએ પોતાના ત્રણ પ્રશ્નો પૂછ્યા. સિદ્ધ પુરુષે જવાબ તો ન જ આપ્યા; પોતે કોદાળીથી કયારો ખોદતા હતા, તે ચાલુ જ રાખ્યું. એને ખૂબ પરસેવો થવા લાગ્યો, એટલે દયા ખાઈને, રાજાને કોદાળી એના હાથમાંથી લઈ લીધી અને જાતે ખોદવા લાગ્યો. હવે સાંજ પડી ગઈ. રાજાએ વિનંતી કરી - જાતે ખોદવા લાગ્યો. હવે સાંજ પડી ગઈ. રાજાએ વિનંતી કરી - આપને જવાબ સૂઝતો ન હોય; તો કશો વાંધો નહિ. હું વિદાય લઉં.

એવામાં કોઈ અજાણ્યો પુરુષ આવ્યો. એ લોહીલુહાણ હતો. આવતાની સાથે જ આ ઘાયલ પુરુષે બેભાન થઈ ગયો. રાજાએ પોતાનાં કપડાં ફાડીને, એનાથી પાટાપીંડી કરી. એની સરસ સારવાર કરી. એને ઊંચકીને આશ્રમની અંદર લઈ ગયો. રાજા પોતે પણ થાકીને ત્યાં જ સૂઈ ગયો.

સવાર થઈ. ઘાયલ પુરુષ ભાનમાં આવ્યો. તેણે રાજાને કહ્યું, 'મને માફ કરી દો.' રાજાને ભારે આશ્ચર્ય થયું. 'હું તને ઓળખતો નથી. તું પહેલી જ વાર મળ્યો છો. તો માફી શેની માગે છે?' ઘાયલ પુરુષે સ્પષ્ટતા કરી. તમે મારા ભાઈને વધ દંડની સજા કરી હતી. મારે તેનો બદલો લેવો હતો. તમે અહીં એકલા આવ્યા છો, જાણીને હું તમારી હત્યા કરવા આવ્યો હતો. પણ તમારા સૈનિકો મને ઓળખી ગયા. તેઓએ પ્રહારો કર્યા, જીવ બચાવવા હું અંદર આવી ગયો. તમે મને સારવાર ન આપી હોત, તો હું મરી જાત.

રાજા પ્રસન્ન થયો. નગરમાંથી વૈદ્યને બોલાવ્યો. સેવકો સાથે માનભેર વિદાય કર્યો.

સિદ્ધપુરુષે રાજાને કહ્યું - 'તારા જવાબો તારી પાસે જ છે.

(૧) ગઈ કાલે મેં તને જવાબ ન આપ્યા ધીરજ રાખીને તું, રોકાઈ ગયો. આ સમય તારે માટે ઉત્તમ હતો. તું નીકળી ગયો હોત, તો આ તને મારી નાખત. જે હોય તે, સમય ઉત્મ સમજવો.'

(૨) આ સમયે તું તારી સાથે હું હતો. તેં મારી વાત માની, રોકાઈ ગયો તારે માટે હું ઉત્તમ. આ સમયે જે સાથે હોય, તે ઉત્તમ.

(૩) તેં આ અજાણ્યા માણસની પણ સરસ સેવા ચાકરી કરી, આ કાર્ય ઉત્તમ. જાણીતાની તો સૌ સેવા કરે.

રાજાએ સંતોષ સાથે સિદ્ધપુરુષની વિદાય લીધી.

વારાણસીમાં સંપૂર્ણાનંદ સંસ્કૃત યુનિવર્સિટીની શોધ સંસ્થામાં નિયામક તરીકે ડૉ. ભાગીરથ પ્રસાદ ત્રિપાઠી હતા. એમનું ઉપનામ વાગીશ શાસ્ત્રી છે.

લિયો ટોલ્સટોયના કથા સાહિત્યમાંથી એમણે સાત વાર્તાઓ પસંદ કરી. એનો સંસ્કૃતમાં અનુવાદ કર્યો. પુસ્તકનો શીર્ષક આપ્યું. 'ટોલસ્ટાય - કથાસપ્તકમ્' ઈ.સ. ૧૯૭૦માં ચૌખંબા વિદ્યા ભવન, વારાણસીએ આનું પ્રકાશન કર્યું. ચૌદ વર્ષમાં આની ત્રણ આવૃત્તિઓ થઈ. ઉત્તર પ્રદેશની સરકારે આ કથાસપ્તકને રાજય પુરસ્કાર આપ્યો. ઉપર્યુક્ત વાર્તા આ સંગ્રહમાંથી એક છે - 'પ્રશ્નત્રયી' આ રીતે ટોલસ્ટોયની કથાઓનું સંસ્કૃત રૂપાંતરણ આનંદ સાથે આશ્ચર્ય પ્રગટાવે છે.